આપણા આસપાસના સાપ

(તેજગઢ ના કેટલાક સામાન્ય સાપ)

Samāgata Foundation

Adivasi Academy

દ્વિચશ્મી નાગ

૬.૫ ફૂટ

ઝેરી

૧

સ્પેકટેકલ્ડ કોબ્રા
Spectacled Cobra
Naja naja



રાઠવી: હુપલીવાળો; ભીલી: ફેનીવાળુ હાપે

માહિતી / વર્તન: ફેણ ની પાછળ "આંખ" જેવા નિશાનથી હેરાનગતિ કરવા વાળા ને ચોંકાવવા માટે વિકસિત થયા.
માન્યતા: સાપ દૂધ પીવે છે અને તે તેમનો કુદરતી ખોરાક છે.
સત્ય: સાપ દૂધ પીતા નથી, કારણ કે તેમના શરીરમાં દૂધ પચાવવાની શક્તિ હોતી નથી.

કાળોતરો

૫.૫ ફૂટ

ઝેરી

૨

કોમન ક્રેટ
Common Krait
Bungarus caeruleus



રાઠવી: કાળોતરો; ભીલી: હાપની

માહિતી / વર્તન: આ નિશાચર સાપ ગરમી અને સૂકી જગ્યાની શોધમાં, પથારીમાં આવી જાય છે અને લોકોના હલનચલન થવાના ડરને લીધે કરડી (ડંખી) લે છે.
સત્ય: આ સાપ માત્ર સ્વબચાવમાં જ કરડે છે, માનવ પર હુમલો કરવાનો કોઈ ઈરાદો હોતો નથી.

ફુરસો

૨ ફૂટ

ઝેરી

૩

સો-સ્કેલ્ડ વાઈપર
Saw-scaled Viper
Echis carinatus



રાઠવી: ફૂંકણીયો ફૂફળીયો; ભીલી: ઉડતો ગોળહો

માહિતી / વર્તન: તે પોતાની સ્પ્રિંગ જેવી શરીરનો ઉપયોગ કરીને અચાનક મોટો કુદકો મારી શકે છે, આ કારણે લોકબોલીમાં તેને 'ઉડકણું' પણ કહે છે.
સત્ય: દુનિયામાં કોઈ સાપ ઊડી શકતો નથી, આ સાપ માત્ર ઊંચો કૂદકો મારી શકે છે.

ખડચિતળ

૫.૫ ફૂટ

ઝેરી

૪

રસેલ'સ વાઈપર
Russell's Viper
Daboia russelii



રાઠવી: પઇસા સાપ; ભીલી: ટીપકા વાળો ગોઅલ્હો

માન્યતા: આ સાપ પીછો કરીને કરડે છે. આ સાપ કરડ્યા પછી માત્ર મંત્રો કે દેશી દવાઓથી સાજો થઇ શકાય.
સત્ય: સાપ ક્યારેય પીછો કરતો નથી અને ઝેરી સાપના કરડવાનો ઈલાજ માત્ર એન્ટી-વેનમ ઈન્જેક્શન જ છે.

ડેંડુ

૫.૫ ફૂટ

બિનઝેરી

૫

ચેકર્ડ કીલબેક
Checkered Keelback
Fowlea piscator



રાઠવી: ડિડવો, પાણીકાચરો; ભીલી: ડેડુલો

માન્યતા: આ સાપ પાણીમાં રહેતો હોવાથી તેની અંદરનું ઝેર પાણીમાં ધોવાઇ જાય છે, તેથી તે ઝેરી નથી.
સત્ય: પાણીમાં રહેતા અમુક સાપ (જેવા કે દરિયાઈ સાપ) અત્યંત ઝેરી પણ હોઇ શકે છે.

તામ્રપીઠ

૫.૫ ફૂટ

બિનઝેરી

૬

કોમન બ્રોન્ઝબેક ટ્રી સ્નેક
Common Bronzeback Tree Snake
Dendrelaphis tristis



રાઠવી: ઠાબ ઠોકગળો; ભીલી: સાળો તમનહુ

માન્યતા: આ સાપ દૂરથી જ પોતાના શિકાર પર ઝેર ફેંકે છે. તે ઝાડ પરથી માણસો પર કૂદી પડે છે.
સત્ય: આ સાપ ઝેર ફેંકવાની કોઈ શક્તિ ધરાવતો નથી અને તે ઝાડ પરથી ક્યારેય માણસો પર હુમલો કરવા કૂદતો નથી, તેથી તેનાથી મનુષ્યને જરાય નુકસાન થતું નથી.

ધામણ

૧૧.૫ ફૂટ

બિનઝેરી

૭

ઇન્ડિયન રેટ સ્નેક
Indian Rat Snake
Ptyas mucosa



રાઠવી: ધમણાહો; ભીલી: તમલુહો

માન્યતા: આ સાપ જો ભેંસ ના પગ વચ્ચે થી પસાર થાય તો ભેંસ મરી જાય છે. ગાય ના આંચળ માંથી સાપ તેના મો ં દ્વારા દૂધ પીવે છે.
સત્ય: આ સંપૂર્ણ અંધશ્રદ્ધા છે. તેનો કોઈ વૈજ્ઞાનિક પુરાવો નથી અને સાપ ક્યારેય ગાય કે ભેંસનં દધ પીતા નથી.

સામાન્ય વરુદંતી

૨.૫ ફૂટ

બિનઝેરી

૮

કોમન વૂલ્ફ સ્નેક
Common Wolf Snake
Lycodon capucinus



રાઠવી: સનિયા સાપણ; ભીલી: નભમુંડા વાળો ગોઅલ્હો

માહિતી / વર્તન: કાળોતરા સાપ જેવા દેખાવ અને શરીર પર પટ્ટાઓ ને કારણે તેને ઝેરી માનવામાં આવે છે પણ તે મનુષ્ય માટે નુકશાન કારક નથી.
સત્ય: પટ્ટાવાળા બધા સાપ ઝેરી હોતા નથી, આ પ્રજાતિ મનુષ્યો માટે બિનહાનિકારક છે.

બિલ્લી સાપ

૪ ફૂટ

આંશિક ઝેરી

૯

કોમન કેટ સ્નેક
Common Cat Snake
Boiga trigonata



રાઠવી: ધૂની, ટીપ કાળા; ભીલી: વેતરુ

માહિતી / વર્તન: તેના કરડવાથી મનુષ્યને કોઈ નુકસાન થતું નથી. ફુરસો સમજી ને બધા તેને મારી નાખે છે.
સત્ય: દેખાવમાં ફુરસા જેવા લાગતા આ સાપ હકીકતમાં બિનઝેરી અને શાંત પ્રકૃતિના હોય છે.

અજગર

૨૦ ફૂટ

બિનઝેરી

૧૦

ઇન્ડિયન રોક પાયથન
Indian Rock Python
Python molurus



રાઠવી: અજગર, દેવનો પાટલો; ભીલી: ઓગઝોરે

માન્યતા: આ સાપ શ્વાસથી જ તેના શિકારને પોતાની તરફ ખેંચે છે પણ ખરેખર તો તે સુસ્ત હોય છે અને તેઓ માનવો પર હુમલો કરે તેવી બહુ ઓછી ઘટનાઓ બની છે.
સત્ય: સાપમાં શ્વાસ દ્વારા શિકારને ખેંચવાની કોઈ શક્તિ હોતી નથી.

આંધળી ચાકણ

૨.૫ ફૂટ

બિનઝેરી

૧૧

રેડ સેન્ડ બોઆ
Red Sand Boa
Eryx johnii



રાઠવી: મડેલો; ભીલી: માંડવુનુ

માન્યતા: આ સાપ ખજાનો લાવે છે, એઇડ્સ કે અસ્થમા જેવા રોગો મટાડે છે, તેનું લોહી પીવાથી અલૌકિક શક્તિ મળે છે, અને તે દર છ મહિને માથું બદલે છે.
સત્ય: આ તમામ માન્યતાઓ ખોટી છે. કોઈ પણ સાપમાં આવી ચમત્કારિક શક્તિઓ નથી. આ સાપની પૂંછડી માથા જેવી દેખાતી હોવાથી તેને 'બે માથાવાળો' સાપ માનવામાં આવે છે, પરંતુ તે માત્ર ભ્રમ છે.

પીત પટીત સાપ

૨.૫ ફૂટ

બિનઝેરી

૧૨

બફ સ્ટ્રાઇપ્ડ કીલબેક
Buff Striped Keelback
Amphiesma stolatum



રાઠવી: ઉડન; ભીલી: પીલા પાટા વાલુ ગઅલુ

માહિતી / વર્તન: આ સાપ ખૂબ જ શાંત અને ડરપોક સ્વભાવનો હોય છે, જ્યારે તેને ભય લાગે છે ત્યારે તે પોતાના ગળાને નાગ ની જેમ ફુલાવે છે, પરંતુ આ માત્ર એક ડરાવવાની નકલ હોય છે.
સત્ય: ગળું ફુલાવવું એ માત્ર એક રક્ષણાત્મક નકલ છે, આ સાપ સંપૂર્ણપણે બિનઝેરી હોય છે.

હજુ સુધી કોઇ વ્યાપક ગુજરાતી નામ નથી, સામાન્ય રીતે કૂકરી નામ થી ઓળખાય

૨ ફૂટ

બિનઝેરી

૧૪

ટિલેક્સ કુકરી
Tillack's Kukri
Oligodon tillacki



રાઠવી: કાળા ધોળા પાતાળલું; ભીલી: કોલોરો વાલુ ગોઅલુ

વધુ માહિતી ઉપલબ્ધ નથી.

અંધ સાપ

૮ ઇંચ

બિનઝેરી

૧૫

બ્રાહ્મીની બ્લાઇન્ડ સ્નેક
Brahminy Blind Snake
Indotyphlops braminus



રાઠવી: મોટલું આધાલું અલસુ; ભીલી: આધાલું ગોઅલુ

માહિતી / વર્તન: તેને નાગ નું બચ્ચું સમજી ને મારી નાખવામાં આવે છે.
સત્ય: વાસ્તવ માં આ સાપ થી મનુષ્ય ને કોઈ નુક્સાન થતું નથી.

ભમફોડી

૩.૫ ફૂટ

બિનઝેરી

૧૬

કોમન સેન્ડ બોઆ
Common Sand Boa
Eryx conicus



રાઠવી: દિવુડ; ભીલી: બાઉબુ તમલાવું

માહિતી / વર્તન: આ સાપને અજગર નું બચ્ચું ગણીને મારી નાખવામાં આવે છે, પણ તેનાથી મનુષ્યને બિલકુલ નુકસાન થતું નથી.
સત્ય: આ સાપ અજગર નથી પરંતુ એક નાનો, બિનઝેરી સાપ છે જે ખેડૂતો માટે મિત્ર સમાન છે.

કન્ટેન્ટ: પીયુષ સેખસરિયા, માનસી કોઠારી, ગોપસિંગભાઈ રાઠવા અને વસંત શાળા ના શિક્ષકો

પોસ્ટર ડિઝાઇન: અનિરુદ્ધ ઘોષ / **બોર્ડર ડિઝાઇન:** છોટા ઉદેપુરની વણકર વણાટ કળા અને રાઠવા સમુદાયના 'કસોટા' વણાટથી પ્રેરિત / ફોટા: © વિવેક શર્મા

આ પોસ્ટર **'ભાષા રિસર્ચ એન્ડ પબ્લિકેશન સેન્ટર'**ના સહયોગથી અમલમાં મુકાયેલા અને **'સમાગતા ફાઉન્ડેશન'** દ્વારા આર્થિક સહાય પ્રાપ્ત "આદિવાસી એકેડેમી, તેજગઢ (ગુજરાત) ખાતે વસંત શાળાના બાળકો માટે પ્રકૃતિ શિક્ષણ" કાર્યક્રમ હેઠળ તૈયાર કરવામાં આવ્યું છે.

આ યાદી આ વિસ્તારમાં જોવા મળતા તમામ સાપની સંપૂર્ણ સૂચિ જ નથી, પરંતુ તેમાં મુખ્યત્વે એવા સાપનો સમાવેશ થાય છે જે તાજેતરના વર્ષોમાં ત્યાં પ્રત્યક્ષ રીતે જોવા મળ્યા છે.

અવતરણ (સાઇટેશન): સેખસરિયા, પી., કોઠારી, એમ., રાઠવા, જી. (૨૦૨૬, જુલાઈ ૨૯). આપણા આસપાસ ના સાપ - તેજગઢ ના કેટલાક સામાન્ય સાપ. આદિવાસી એકેડેમી, તેજગઢ, ગુજરાત ખાતે વસંતશાળા શાળાના બાળકો માટે પ્રકૃતિ શિક્ષણ. સમાગતા ફાઉન્ડેશન, BRPC.

Citation: Sekhsaria, P., Kothari, M., Rathwa, G. (2026, July 29). Snakes Around Us - Some Common Snakes of Tejgadh. Nature Education for the Students of Vasantshala School at Adivasi Academy, Tejgadh, Gujarat. Samagata Foundation, BRPC.

આ પોસ્ટર શૈક્ષણિક/જાગૃતિના હેતુ માટે છે અને તે વેચાણ કે વ્યાવસાયિક ઉપયોગ માટે નથી.

વધુ માહિતી અથવા પોસ્ટરની નકલો માટે કૃપા કરીને peeyush.sekhsaria@gmail.com અથવા brpcbarodaoffice@gmail.com પર સંપર્ક કરો.